# વાદળ બન્યું છે મન

ઘેરાયું આભ સ્હેજ તો વાદળ બન્યું છે મન,
રેલાય કોઈ ક્ષણ જરી, કાજળ બન્યું છે મન.

ઊગી સવાર દૂર સમયના જ પર્ણ પર,
કેવો લગાવ તીવ્ર છે ઝાકળ બન્યું છે મન.

ગુલમહોર સાંભળે હવે સંવાદ મૌનનો,
મળવું જ શબ્દ થાય ત્યાં કાગળ બન્યું છે મન.

ઊંડે દટાય ક્યાંક રહસ્યો ફરી ફરી,
ભીડી દીધાં મેં દ્વાર જ્યાં સાંકળ બન્યું છે મન.

શ્વાસો ગણી શકાય છે આથમતી સાંજના,
ઝાંખી થશે કદાચ શું શામળ બન્યું છે મન?

અમે લખતા ગયા શબ્દો સજાવીને તળેટીમાં,
ગઝલની આ ધરોહરને ધપાવીને તળેટીમાં.

નથી મળતા મને ઉત્તર, છવાતું આંખમાં ધુમ્મસ,
સમય ઊભો જૂની ધૂણી ધખાવીને તળેટીમાં.

પ્રભાતી પ્હોરમાં કરતાલ કર લઈ કોણ આ ચાલ્યું?
જતી આ રાતનું પગલું દબાવીને તળેટીમાં.

કદી સરકે, કદી ઝૂલે, કદી એ સ્થિર મુદ્રામાં,
જીવનનો રો-પવે સઘળું બતાવીને તળેટીમાં.

નગર ધારણ કરી ભગવો, વિરક્તિ શ્વાસમાં ભરતું,
અલખની જ્યોત આંખોમાં જગાવીને તળેટીમાં.

મૌન છું, સંમત નથી, એ ફેર જો સમજી શકો,
ગ્લાસ અડધો છે ભરેલો, ખેર... જો સમજી શકો.

સાવ ખરબચડી હથેળી, જિંદગી વેંઢારતી,
એક સાંધે ત્યાં જ તૂટે તેર, જો સમજી શકો.

કોઈ પોતીકું ને ઉપરથી અમીઝરતી નજર,
શક્ય છે એ આંખમાં હો ઝેર, જો સમજી શકો.

છે મથામણ કેટલી પણ ક્યાં કશું બદલાય છે?
વિસ્તરે છે મૂળથી અંધેર, જો સમજી શકો.

છો સમજની બહાર લાગે, વાંચજો વીત્યો સમય,
ના ગઝલ આખી ભલે, એક શેર જો સમજી શકો.

ભલે ભાતભાતનાં ફૂલ હો,
રહે ધ્યાન તો કોઈ ખાસમાં,
હવે નામ તારું હવા બની,
લહેરાય ક્યાંક સુવાસમાં.

વધુ રમ્ય થાય એ આશમાં,
હું મઠારતી રહું જિંદગી,
સુમધુર કડી મળી પ્રીતની,
જ્યાં સમયને મૂક્યો મેં પ્રાસમાં.

છે પ્રગાઢ પ્રેમ પરસ્પરે,
ઘૂમે ચાંદની અહીં વર્તુળે,
નથી દશ્યમાન કશું મને,
તું કરે લીલા રમી રાસમાં.

જે તિરાડમાંથી પ્રવેશતો,
એ પ્રકાશ સ્થિર ને સ્તબ્ધ છે,
સમેટી ક્ષણોને વિષાદમાં,
સરે શૂન્યતા પછી શ્વાસમાં.

મળ્યા જિંદગીના વળાંક પર,
તમે હમસફર બન્યા ઉમ્રભર,
હવે અંતનો મને ડર નથી,
હું રહ્યા કરું છું પ્રવાસમાં.

ખૂબ લાંબી છે સફર ભાર ઉતારી રાખું,
એમ જુસ્સાને હું તો રોજ ટકાવી રાખું.

ક્યાંક ઉઘાડ પછી આભ મને સાદ કરે,
બંધ બારીને જરા લાવ ઉઘાડી રાખું.

પ્રેમપત્રો એ લખે રોજ મને નિત નોખા,
એક સંબંધ તરફ આશ જગાડી રાખું.

કેમ કરવા હવે જીવન ને મરણનાં ચક્કર,
મોક્ષ માગું હું હરિ, શીશ નમાવી રાખું.

જખ્મ જૂનો છે, મને વાગે કરચ કિસ્સાની,
છે સમયનો જ મલમ, સહેજ લગાવી રાખું.

કહેવા મથું એ શબ્દને વિસ્તાર મળે તો,
ઘૂંટાય છે એ વ્હાલનો અણસાર મળે તો.

ખાળી શકું હું ક્યાં સુધી આ તીવ્ર વ્યથાને,
રોવું છે જો એકાંતને અંધાર મળે તો.

થાકી જ ગયા જોઈ બધે જૂઠનું ઝળહળ,
જીવી જશું જો સત્યનો આધાર મળે તો.

તિરાડ પડી દર્પણે વીખરાય છે ચ્હેરો,
સાજો કરું સંબંધને ઉપચાર મળે તો.

હું વાટ નીરખતી રહી ને સાંજ પડી ગઈ,
તારી ગલીના કૈંક સમાચાર મળે તો.

પુરાણી જડ પ્રથાઓના વલણ તોડી જશું આગળ,
અધૂરી કૈંક ઇચ્છાઓ અહીં છોડી જશું આગળ.

ખબર છે આખરે બનશે, નવો આકાર કોઈ તો,
સહજ ભાવે બધાં ટપકાં સતત જોડી જશું આગળ.

હંમેશાં સત્યને પકડી, અમે જીવ્યા પળેપળને,
ઉખાડી ફેંકશો ખીલો, ફરી ખોડી જશું આગળ.

ઉદાસી સાંજને વળગી, ઢળ્યું અસ્તિત્વ આખુંયે,
સમયની છે સિલક ઓછી, મળે થોડી, જશું આગળ.

પડી છે ટેવ જીવનમાં, તર્યા સામા જ પાણીએ,
ભલેને હો વમળ ઊંડા, લઈ હોડી જશું આગળ.

જે હતું એ છોડવામાં બસ, સમય ઓછો પડ્યો,
બે ક્ષણોને બાંધવામાં બસ, સમય ઓછો પડ્યો.

પોત જીવનનું ચિરાયું, રંગ પણ ફટકી ગયો,
એ સમયસર સાંધવામાં બસ, સમય ઓછો પડ્યો.

આંગળી પકડી'તી ખોટી, બે વિકલ્પો જોઈને,
નામ સાચું ધારવામાં બસ, સમય ઓછો પડ્યો.

એક વળગણ, એક ઇચ્છા, જીવવું થોડું હજુ,
જાતને કંડારવામાં બસ, સમય ઓછો પડ્યો.

પ્રેમ હો આંખે પરસ્પર, ના હો નફરતની નજર,
શક્યતા એ વાવવામાં બસ, સમય ઓછો પડ્યો.

મન ફાવે ત્યાં ઊગે તે બાવળનો વૈભવ,
પર્વત પરથી ખળખળ વ્હેતો જળનો વૈભવ.

લીલાં વૃક્ષો, પીળાં ફૂલો, ભૂરું નભ છે,
દોર્યો સૂરજ ઝળહળ, જો કાગળનો વૈભવ.

અમથું સળગ્યું કંઈ ને આખું જંગલ દાઝે,
પંડે પ્રગટે ભડભડ દાવાનળનો વૈભવ.

પ્હો ફાટે ને કૂંપળ સાથે ગોષ્ઠિ કરતું,
ક્ષણની પાંખે ઊડશે, તે ઝાકળનો વૈભવ.

મોજાં, ભરતી, રેતી સઘળું ઉપરછલ્લું,
ઊંડે જઈને જુઓ કેવો તળનો વૈભવ.

લોકો કહે કે ભાસ છે, બીજું કશું નથી,
કેવળ તું આસપાસ છે, બીજું કશું નથી.

દાવો નથી કર્યો અમે ઉત્તમ જીવન વિશે,
બસ ગોઠવેલ પ્રાસ છે, બીજું કશું નથી.

પગરવ થતાં જ આંગણે દોડી જતી નજર,
ઉભડક ઊભા બે શ્વાસ છે, બીજું કશું નથી.

રાખ્યું છે એ ગુલાબ મેં, જૂની કિતાબમાં,
કારણ જરાક ખાસ છે, બીજું કશું નથી.

આંખો શરમથી જ્યાં ઢળી, ને પાંગર્યો પ્રણય,
હૈયે સતત એ રાસ છે, બીજું કશું નથી.

વારતા માંડી તમે આ કાળના તાંડવ વિશે,
મેં કહ્યું વિસ્તારથી બસ એકલા માનવ વિશે.

છત, દીવાલો, પાણિયારું ચૂપ થઈને સાંભળે,
રોજ દોડી કામ કરતા, થાકતા પાલવ વિશે.

સાંજ ઢળતી, આંખ ઢળતી ને હવાનો કેફ છે,
આપણે સાથે લખીશું પ્રેમના આસવ વિશે.

મંત્રરૂપે રોજ વહેતો થાય છે પ્હો ફાટતાં,
મંદ વાયુનો અનુભવ પાંદડાના રવ વિશે.

મર્મસ્થાને ચોટ એવી એ જ ઊપજાવી શકે,
શું વધુ સમજાવીએ આ શબ્દના લાઘવ વિશે!

સમયસર એ બગીચે જઈ, વચન પાળે પ્રતીક્ષામાં,
સજી શણગાર એ સાંજે, શરમ ખાળે પ્રતીક્ષામાં.

ગયા છે ક્યારના કામે, હજુ આવ્યા નથી શાને?
રમકડું લાવશે પપ્પા, દિવસ ગાળે પ્રતીક્ષામાં.

ક્ષિતિજે ક્યાંક ભેગા થઈ, ભળે રંગો પરસ્પરમાં,
થશે જ્યાં આંખથી ઓઝલ, ફરી ભાળે પ્રતીક્ષામાં.

વરસ, દહાડા, ઘડી ને પળ, બધું નક્કી જ હોવાનું,
નથી મળતું કશું આમેય સરવાળે પ્રતીક્ષામાં.

ઉતાવળ ના કરો સ્હેજે, તમે પ્રસ્થાન કરવામાં,
જરા થોભો, થશે કંઈ પણ, થવાકાળે પ્રતીક્ષામાં.

પિંજર છે, ઊડવાની, નાહક તું જીદ ના કર,
આકાશ આંબવાની, નાહક તું જીદ ના કર.

જોતો રહે કિનારો, વચ્ચે નદીનું વ્હેવું,
સાથે જ ચાલવાની, નાહક તું જીદ ના કર.

ગમતો મને હંમેશાં સૂરજ બધાં સ્વરૂપે,
છાંયો બની જવાની, નાહક તું જીદ ના કર.

આવી ગયો સમય જો, મ્હોરું ઉતારવાનો,
વાસ્તવથી ભાગવાની, નાહક તું જીદ ના કર.

વાર્તા કરી મેં પૂરી, નોખો વળાંક આપી,
એ અંત ધારવાની, નાહક તું જીદ ના કર.

બારણે ઊભી રહી છે, મોં વકાસી શૂન્યતા,
ચોતરફ ઘરમાં જ ઊગે, બારમાસી શૂન્યતા.

જર્જરિત કિલ્લો જુએ છે રોજ ખરતી રાતને,
કાંગરે આંખો ઉઘાડે, આ ઉજાસી શૂન્યતા.

ક્યાંક મનમાં, અહીં હૃદયમાં ને શિરામાં દોડતી,
પાંગરી નખશિખ છતાંયે, મેં ચકાસી શૂન્યતા.

હોય દરિયામાં ઘૂઘવતી, ખૂંપતી રણમાં કદી,
સાવ સૂની આંખમાં પણ, છે પ્રવાસી શૂન્યતા.

સંપથી કેવાં રહે છે એ બધાં ભેગાં થઈ,
વેદના, ડૂમો, અજંપો ને ઉદાસી, શૂન્યતા.

આજ તો ઉલેચવો છે, ભીતરી અંધારને,
સૂર્ય ઊગે, ત્યાં જ ડૂબે છે અમાસી શૂન્યતા.

સત્યને લાચાર જોવું, એ સતત ખટકે મને,
ત્યાં સભામાં મારું હોવું, એ સતત ખટકે મને.

એ સરી ગઈ હાથથી ને કોઈ ભૂલ્યું કોઈને,
એક વીંટીનું ત્યાં ખોવું, એ સતત ખટકે મને.

હાથ જોડી કરગર્યો'તો, ના કશું દીધું તમે,
પોક મૂકી આમ રોવું, એ સતત ખટકે મને.

રોજ જોયાં રાતભર મેં, ક્યાં ફળ્યું છે એક પણ,
તો ય હું સપનાં પરોવું? એ સતત ખટકે મને.

ક્ષીણ શ્વાસો, દૃષ્ટિ ઝાંખી, ઓરડે અંધાર છે,
કેમ તોયે જીવ વલોવું? એ સતત ખટકે મને.

અહમ્ છોડી ચઢી છું ત્યાં, શિખર પરનું બની ટપકું,
બધાની આંખમાં તેથી હું કસ્તર થઈ જરા ખટકું.

દિવસ કે રાત ના જોતાં, સલામત રાખવા સૌને,
ઊભા છે વીર સરહદ પર, નથી એ મારતા મટકું.

મેં મારા મનની વચ્ચોવચ મૂક્યો છે ચાડિયો તેથી,
એ રોકે મોહમાયાને, છતાં આવે તો હું પટકું.

વિકટ છે પથ, સફર લાંબી, અડગ શ્રદ્ધા સબૂરી છે,
પકડજે હાથ મારો તું, ભવોભવ આમ ના ભટકું.

હજીયે હણહણે શ્વાસો, સમયને મ્યાનમાં રાખું,
અધૂરી છે ગઝલ મારી, કહો કેવી રીતે અટકું?

દાખલા સંબંધના છે અટપટા ને ભેદમાં,
કૌંસ છોડી બ્હાર કાઢું ને ઉડાડું છેદમાં.

કર્મની ન્યારી ગતિનો ખેલ છે તેથી જ તો,
કોઈ છે આનંદમાં ને કોઈ જીવે ખેદમાં.

કોઈ જ્યારે સાવ સીધી વાતમાં સંમત ન હો,
થાય છે પ્હોળી તિરાડો, ઉગ્ર કંઈ મતભેદમાં.

તું નથી કે છે-ના પ્રશ્ને કેમ જગ મૂંઝાય છે?
શ્વાસમાં છે તું પળેપળ, છે હૃદયની કેદમાં.

ઘા ઉપર ઘા તે છતાં યે વૃક્ષ તો મલકાય છે,
જાણ છે એને કે કૂંપળ ફૂટશે વિચ્છેદમાં.

ચઢાવ છે, ઉતાર છે, જીવન એ ધૂપછાંવ છે,
જકડતી જિંદગી મને, અદમ્ય આ લગાવ છે.

સતત એ જન્મતી રહે એ આશ રક્તબીજ થઈ,
પ્રવાસનો છે થાક, આ કયો નવો પડાવ છે?

લખાઈ જાય છે સખી! એ નામ ટેવવશ હજી,
હૃદય ભલે ભૂલી ગયું, હજી ઘણાય ઘાવ છે.

ત્યજીને ખુદનું રાજપાટ, આથમે સમય થતાં,
તિમિરને પણ જે માર્ગ દે, એ સૂર્યનો સ્વભાવ છે.

છે બંધ એક ઓરડો, વસે છે મૌન હાંફતું,
સરકતી જાય હાથથી, ક્ષણોની આવજાવ છે.

વહે છે આંખથી ઝરણાં, અમે ખળખળ થતાં જોયાં,
હતા ચ્હેરા સતત સામે હવે ઝાકળ થતાં જોયાં.

થયો'તો સ્પર્શ શબ્દોનો પ્રણય ત્યાં પાંગરી ઊઠ્યો,
વિરહની વાતમાં વર્ષો પછી કાગળ થતા જોયા.

હશે અંધાર ઘેરો તો જ એ અજવાસ દેખાશે,
તમસની વચ્ચે મેં સત્યો ઘણાં ઝળહળ થતાં જોયાં.

ઊડીને ક્યાંકથી આવ્યું ગુલાબી સ્વપ્ન પાંપણ પર,
પછી અરમાનના દરિયા અમે ખળભળ થતા જોયા.

કરું છું બંધ આંખો ત્યાં અતીતે સાંકળો ખોલી,
અભાવો, દુઃખ અને ચિંતા બધાં આગળ થતાં જોયાં.

ઊભો છે ત્યાં જ સદીઓથી બંધ દરવાજો,
છુપાવી કોઈ રહસ્યોની ગંધ દરવાજો.

થતું જે નૃત્ય અહીં રંગમહેલની અંદર,
જીવંત કોઈ થશે પણ છે અંધ દરવાજો.

નથી ફિકર હવે દેખાય ના કશું પાછળ,
ધડામ દઈ પછી વાસે સંબંધ દરવાજો.

બહાર ઊભી હવા, છે અહીં હવડ શ્વાસો,
જો રાતરાણી ચઢે તો સુગંધ દરવાજો.

જીવન સ્થગિત થવાની અણી ઉપર ઊભું,
ખૂલી જવા હવે કરતો પ્રબંધ દરવાજો.